'પારસીક પ્રકાશ' નામના ફારસી ભાષાના શબ્દકોશનો અને તે જ નામના ફારસી ભાષાના વ્યાકરણનો પરિચય

બેચરદાસ જીવરાજ દોશી

આ નાના નિબંધમાં 'પારસીક પ્રકાશ' નામના ફારસી–પારસીક–ભાષાના એક શબ્દકોશનો તથા તે જ નામના ફારસી ભાષાના વ્યાકરણનો પરિચય કરાવવાનો છે.

કોશકૃતિનો પ્રેરક અકબર બાદશાહ છે અને કોશનો કર્તા વિહારી કૃષ્ણદાસ મિશ્ર નામે કોઈ બ્રાહ્મણ પંડિત છે.

કોશના પ્રારંભમાં કે અંતમાં કોશકારે પોતાના નામોલ્લેખ સિવાય કોઈ વિશેષ પરિચય આપેલ નથી.

ગ્રંથકાર શરૂઆતમાં જ જેની ઉપાસના અકબર કરતો હતો તે સૂર્યની સ્તુતિ કરે છે અને અકબર બાદશાહની સભાના પ્રાજ્ઞ પંડિતોને પ્રમોદ આપનારો એવો આ કોશ બનાવે છે એમ જણાવે છે.

श्रीसूर्याय नमो विधाय विधिवत् सुधा[1](ध्या)य चित्तं रवौ,
दिव्यानामिव पारसीकवचसां कुर्वे प्रकाशं नवम् ।
सम्राट् शाह जलालदीन्द्रसदसि प्राज्ञप्रमोदप्रदम्,
बाह्यध्वान्तमिवापहन्तु पठितां ([2]पठतां) पूषाऽऽतरस्थं (षाऽऽन्तरस्थं) तमः ॥ १ ॥

અકબરનું નામ જલાલુદ્દીન છે. તેનું સંસ્કૃત ઢોળવાળું નામ 'जलालदीन्द्र' એમ કોશકારે કલ્પેલ છે.

---

૧ 'सुधाय' પદને લીધે છંદોભંગ જેવું લાગે છે. સુધાય એટલે सम्यग् धृत्वा—સારી રીતે ધરીને—રવિમાં ચિત્તને સ્થિર કરીને—રવિનું સારી રીતે ધ્યાન કરીને.

૨ (   ) આવા નિશાનમાં મુકેલો પાઠ લેખકે કલ્પેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજા અને ત્રીજા પદ્યમાં ગ્રંથકાર અકબરશાહને 'બ્રહ્મ' સાથે સરખાવે છે. તથા ગોપાલસુત શ્રીકૃષ્ણ વિભુ સાથે પણ સરખાવતાં અકબરશાહને ગોબ્રાહ્મણપ્રતિપાલકરૂપે વર્ણવે છે અને કહે છે કે જે યવન વંશ, ગાય અને વિપ્રોનો સદા અભિભવ જ કરતો આવેલ છે તે જ વંશમાં આ અકબરશાહ ગોબ્રાહ્મણના પ્રતિપાલક રૂપે જન્મેલ છે, એ વિશેષ આશ્ચર્યકારી ઘટના છે.

પાંચમા શ્લોકમાં "विधीयते स्वबोधार्थम्" એમ કહીને પ્રસ્તુત કોશ તેમણે પોતાના બોધ માટે નિર્મેલ છે એમ સૂચવે છે. અને સાથે જણાવે છે કે સંસ્કૃતના શબ્દો આપીને તેના સમાનાર્થક કેટલાક પારસીક—ફારસી—શબ્દોનો આ સંગ્રહ છે.

જે લોકો ફારસી ભાષાના સમુદ્રમાં અવગાહન કરવા ઇચ્છતા હોય તેવા લોકોને ધ્યાનમાં રાખીને કૃષ્ણદાસ આ કોશરૂપ નાની હોડીને રચે છે એમ છઠ્ઠા શ્લોકમાં કહે છે અને સાતમા શ્લોકમાં એમ જણાવે છે કે—

"પોતે ફારસી શાસ્ત્રોને ભણેલ નથી, માત્ર સાંભળી સાંભળીને જ આ કોશ રચેલ છે તેથી આ રચનામાં જે કાંઈ ન્યૂનતા વા વધારે પડતું આવી ગયું હોય તેને ફારસી વિદ્વાનો દરગુજર કરશે એવી નમ્ર વિનતિ છે."

સંસ્કૃત ભાષાના અતિપ્રાચીન અને પ્રસિદ્ધ અમરકોશમાં શબ્દોને બતાવવા પ્રથમ કાંડમાં જેમ સ્વર્ગવર્ગ, વ્યોમવર્ગ, દિગ્વર્ગ, કાલવર્ગ, નાટ્યવર્ગ, પાતાલભોગિવર્ગ, નરકવર્ગ, વારિવર્ગ આમ વર્ગોને યોજેલા છે તથા બીજા કાંડમાં મનુષ્યવર્ગ, બ્રહ્મવર્ગ, ક્ષત્રિયવર્ગ, વૈશ્યવર્ગ, શૂદ્રવર્ગ વગેરે અનેક વર્ગોને પાડેલા છે અને છેડે ત્રીજા કાંડમાં પ્રથમ વિશેષ્યનિઘ્નવર્ગ પછી નાનાર્થવર્ગ યોજેલ છે તેમ બરાબર ક્રમને અનુસરીને ગ્રંથકાર કૃષ્ણદાસે આ ફારસી કોશમાં પ્રથમ સ્વર્ગવર્ગ, વ્યોમવર્ગ, દિગ્વર્ગ, કાલવર્ગ, નાટ્યવર્ગ, પાતાલવર્ગ, વારિવર્ગ, મનુષ્યવર્ગ, ક્ષત્રિયવર્ગ, વૈશ્યવર્ગ, ક્ષુદ્રવર્ગ (શૂદ્રવર્ગ) વિશેષ્યનિઘ્નવર્ગ તથા નાનાર્થવર્ગ વર્ગો યોજેલા છે. આ કોશમાં કાંડોનો વિભાગ નથી, માત્ર વર્ગોનો વિભાગ છે.

સ્વર્ગવર્ગનો પ્રારંભ 'સૂર્ય' શબ્દથી કરેલ છે. "श्रीसूर्य उक्त आप्ताव:" (શ્લોક ૮) સૂર્ય માટે 'आँताव' શબ્દ પારસીક–ફારસી–ભાષામાં છે. ચાલુ ફારસી ભાષામાં 'आफताब' શબ્દ પ્રચલિત છે.

આ પછી "अप्सरःसु परी ज्ञेया" (શ્લોક ૧૧) એટલે અપ્સરા માટે પરી. "आतशस्तु भवेद् वह्नौ" એટલે અગ્નિ માટે आतश–आतिश–સંસ્કૃત હુતાશ. "षोदायः (खोदायः) स्यात् परमेश्वरः" (શ્લોક ૯) પરમેશ્વર માટે खोदाय–खुदा–આવા શબ્દો સ્વર્ગવર્ગમાં ૧૯ શ્લોક સુધી આવેલ છે. છેડાના ઓગણીસમા શ્લોકમાં "शीते सरमा भवेत् गरमा तूष्ममात्रे प्रकीर्तितः"—અર્થાત્ શીત એટલે सरमा–सर्मा અને ઉષ્ણ એટલે गरमा–गर्मा.

વ્યોમવર્ગનો આરંભ "आस्मानं व्योमनि प्रोक्तम्"(શ્લોક ૨૦)થી થાય છે. आस्मान એટલે व्योम આકાશ.

કાલવર્ગના પ્રારંભમાં "संवत्सरेषु सालः स्यात् प्रलये स्यात् क्यामतिः"। साल એટલે વરસ અને પ્રલયકાળ એટલે क्यामति–कियामत.

---

૩ કોશની પોથીમાં જેવા ફારસી શબ્દો આપેલા છે તેવા જ અહીં નોંધેલા છે.
પ્રથમ કોશનો શબ્દ, પછી ફારસીનો શુદ્ધ શબ્દ બતાવેલ છે. આ બન્ને શબ્દો નાગરી અક્ષરમાં મુકેલા છે.
ગુજરાત યુનિવર્સિટીના ફારસીના પ્રધાન અધ્યાપક શ્રી છોટુભાઈ નાયકે ફારસીના શુદ્ધ શબ્દો બતાવેલા છે તે માટે લેખક તેમનો આભારી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાટ્યવર્ગમાં "नगारह पटहे, भेर्यां नफीरः परिकीर्तितः" (શ્લોક ૪૪) "ઢોલ અર્થમાં नगारह–नक्कारह–નગારું અને ભૂંગળ–ભેરી અર્થમાં नफीर."

આ ઉપરાંત—

"इक्लासस्तु भवेत् स्नेहे" (શ્લોક ૫૦) સ્નેહ–इक्लास–एखलास. "आरयू स्यात् मनोरथे" (શ્લોક ૫૦)–મનોરથ–आरयू. "बारीकस्तु भवेत् सूक्ष्मे" (શ્લોક ૪૯) સૂક્ષ્મ–बारीक. "वैरे स्यात् दुश्मनीति च" (શ્લોક ૪૮) વૈર–दुश्मनी. "मेहर स्यात् करुणायाम्" (શ્લોક ૪૫) કરુણા–मेहर–मेह्र વગેરે અનેક શબ્દો નાટ્યવર્ગમાં આપેલા છે.

આ પછી પાતાલ વર્ગમાં—

"अस्फलः स्याच्च पाताले" (શ્લોક ૫૪) પાતાળ–अस्फल.
"नरके दोजकं भवेत्" (શ્લોક ૫૬) નરક–दोजक–दोज़ख़.
"नारकेषु च दोजकी" (શ્લોક ૫૬) નારકી–दोज़ख़ी.
"अलमस्तु भवेत् दुःखे" (શ્લોક ૫૭) દુઃખ–अलम.
"राहतः सुख उच्यते" (શ્લોક ૫૭) સુખ–राहत.

કોશકારે નરકવર્ગને પાતાલવર્ગમાં ભેળવી દીધેલ છે; ત્યારે અમરકોશમાં એ બન્ને વર્ગો જુદા જુદા છે.

આ પછી વારિવર્ગ—

"दरिया स्यात् समुद्रेषु" (શ્લોક ૫૭) સમુદ્ર–दरिया–દરિયો.
"मौजस्तु तरङ्गे" (શ્લોક ૫૮) તરંગ–मौज–સમુદ્રનાં મોજાં.
"कूले किनारः" (શ્લોક ૫૮) કૂલ–કાંઠો–किनारो–किनारह्.
"आव स्यात् अप्सु" (શ્લોક ૫૮) आब–પાણી–(સંસ્કૃત) અપ્.
"हौदस्तु पुष्करिण्याम्" (શ્લોક ૬૩) પુષ્કરિણી–हौद–हौज.

વારિવર્ગ પછી મનુષ્યવર્ગ—

"जमीन् भूमौ" (શ્લોક ૬૫) ભૂમિ–जमीन्.
"नगरे शहरः" (શ્લોક ૭૫) નગર–शहर–शह्र.
"पत्तेन गंज" (શ્લોક ૭૫) પત્તન–પાટણ–गंज–અજીમગંજ વગેરે.
"देशे विलायतः" (શ્લોક ૭૮) દેશ–विलायत.
"हरमः भागिनीस्त्रीषु, धर्मपत्न्यां तु औरति" (શ્લોક ૮૩) ભાગીદાર–સહચારી સ્ત્રી–हरम, ધર્મપત્ની–औरति–औ़रत.
"फाहिशः वेश्यायाम्" (શ્લોક ૮૪) વેશ્યા–फाहिश–फ़ाहिश.
"कुट्टिन्यां दलाल्यह" (શ્લોક ૮૪) दलाल्यह–दल्लालह–કુટણી સ્ત્રી–દલાલ સ્ત્રી.
"वृद्धे भवेत् पीरः" (શ્લોક ૬૪) વૃદ્ધ–पीर.
"बेहुसो मूर्छिते" (શ્લોક ૧૦૦) મૂર્છિત–बेहुस–बेहोश.
"हुक्कह स्यात् सम्पुटे" (શ્લોક ૧૧૬) સંપુટ–हुक्कह–हूक–બટન.
"आयनह दर्पणे तु" (શ્લોક ૧૧૬) દર્પણ–आयनह–आयिनह–આયના. એમ અનેકાનેક શબ્દો આપેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોશકારે બ્રહ્મવર્ગ અને ક્ષત્રિયવર્ગ એમ બે જુદા વર્ગ કર્યા જણાતા નથી પણ ક્ષત્રિયવર્ગમાં બન્નેને સમાવેલા લાગે છે; અથવા પોથી લખનાર મથાળું લખવું ચૂકી ગયો હોય.

"दानिस्मंदस्तु पण्डिते" (श्लोक ११७) પંડિત–दानिस्मंद–दानिश्मंद.
"म्बुलान आचार्यः" (श्लोक ११७) આચાર્ય–म्बुलान–मुल्ला.
"आषोंद उपाध्याये" (श्लोक ११७) ઉપાધ્યાય–आषोंद–आखोंद–आखूंद.
"शागिर्दः शिष्यसंज्ञे" (श्लोक ११८) શિષ્ય–शागिर्द.
"सभायां मज्लिसः" (श्लोक ११९) સભા–मज्लिस–मजलिस.
"मन्त्रपाठे फातेहह" (श्लोक १२०) મંત્રપાઠ–फातेहह–फातिहह.
"कलिमा मूलमन्त्रे" (श्लोक ११९) મૂલમંત્ર–कलिमा–कलिमह–कल्मो.
"अभ्युत्थाने च ताजीमः" (श्लोक १२१) આદર માટે ઊભા થવું–ताजीम–ताअ्ज़ीम.
"खामोषी मौन उच्यते" (श्लोक १२२) મૌન–खामोषी.
"अतिक्रमे जिआदती स्यात्" (श्लोक १२३) અતિક્રમ–બળાત્કાર–जिआदती–जियादती.
"मोल्हिदः स्यात् तु पाखण्डे" (श्लोक १२६) પાખંડ–મત–मोल्हिद–मुल्हिद.
"यतौ तु दरवेशः स्यात्" (श्लोक १२६) યતિ–दरवेश.
"न्याजबंदी अभिवादने" (श्लोक १२४) અભિવાદન–न्याजबंदी.
"दृष्टान्ते तु दलेली स्यात्" (श्लोक १२४) દૃષ્ટાંત–दलेली–दलील.
"आमिलः तापसे भवेत्" (श्लोक १२५) તાપસ–आमिल–आलेम. (અહીં आलिमः પાઠ હોવો જોઈએ.)

આ વર્ગમાં શબ્દોના વિભાગ અંગે વિચારતાં જણાય છે કે ૧૨૮ શ્લોક સુધી બ્રહ્મવર્ગ ચાલે છે અને પછી 'પાતશાહ' શબ્દની શરૂઆત થતાં ૧૨૯મા શ્લોકથી ક્ષત્રિયવર્ગનો પ્રારંભ થાય છે. બ્રહ્મવર્ગના છેલ્લા શ્લોકમાં 'ગુરુ' અર્થનો 'दोस्त' શબ્દ જણાવેલ છે.

ક્ષત્રિયવર્ગનો પ્રારંભ—

"पातशाहस्तु नृपे प्रोक्तः सुल्तानस्तु ततोऽधिके ।
शाहान्शाही नृपाधीशे वजीरो मन्त्रिणि स्मृतः ॥" (श्लोक १२९)

---

૧ અરબી તથા ફારસી શબ્દોને સંસ્કૃત તથા પ્રાકૃતનો ઢોળ ચડાવવાની રીત ઘણા જૂના વખતથી પ્રચલિત છે. પાણિનીય વ્યાકરણમાં તથા મહાભારતમાં અને અમરકોશ વગેરે કોશોમાં પણ એવા ઢોળ ચડાવેલા શબ્દો ઉપલબ્ધ છે.

સંસ્કૃત તથા પ્રાકૃત ઢોળ	અરબી કે ફારસી શબ્દ
१ तुरुष्क	तुर्क
वनायुज–वनायुजे जाताः वनायुजाः (અહીં 'वनायुज' શબ્દ કોઈ ફારસી શબ્દનું સંસ્કૃત રૂપાંતર છે.)	
२ पारसीक (અહીં पारसीक શબ્દ કોઈ–કદાચ 'ફારસી'–ફારસી શબ્દનું સંસ્કૃત રૂપાંતર છે.)	
३ साखि	शाह
४ साखानुसाखि	शाहन्शाही
५ साहाणुसाहि (પ્રાકૃત)	,,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૃપ–રાજા–पातशाह–पाद्शाह–बादशाह. તેથી મોટો सुल्तान. शाहानूशाही–રાજાઓનો રાજા–शहेनशाह. મંત્રી–वजीर. આ પછી ક્ષત્રિય વર્ગમાં જ આવે છે—

"दोस्तं मित्रे" (શ્લોક ૧૩૫) મિત્ર–दोस्त.

" बहूनां यवनानां यः प्रभुः षाणः स कथ्यते ।
नवाबस्तु स एवोक्तो मीआ स्यात् यवनोत्तमे ॥ " (શ્લોક ૧૩૨)

ઘણા યવનોનો જે પ્રભુ–સ્વામી–તેને षाण–खान–કહેવાય અને नवाब–नौवाब પણ તેને જ ગણાય તથા જે યવન ઉત્તમ હોય તેને मीआ–કહેવાય–વર્તમાનમાં જેને मियां કહે છે.

તથા—

" यः सर्वगुणसम्पन्नः सर्वशास्त्रार्थकोविदः ।
ज्ञानोपदेष्टा सर्वेषां स नाह हजूरतः स्मृतः ॥ (શ્લોક ૧૩૩)

જે સર્વગુણસમ્પન્ન છે, સર્વશાસ્ત્રોના અર્થમાં કુશળ છે, અને સર્વને જ્ઞાનનો ઉપદેશક છે તેને 'हजूरत' કહેવાય. અહીં મૂળ શ્લોકમાં 'स नाह हजूरत' શબ્દ બતાવેલો છે તે ઉપરથી સ્પષ્ટ અર્થ સમજાતો નથી. કાંઈ અશુદ્ધ હોય એમ જણાય છે. અહીં આ વર્ગમાં આવા અનેકાનેક શબ્દો બતાવેલા છે.

હવે પછી વૈશ્યવર્ગ—

वार्यु नाना भवेयुस्ते ये व्यापारपरा नराः ।
सौदा तत्कर्मणि प्रोक्ता बक्कालः स्यात् वणिग्जने ॥ (શ્લોક ૧૬૦)

અનેક જાતના વ્યવહાર કરનારા લોકોને માટે वार्यु.

વ્યાપાર–વ્યવહાર–सौदा.
વાણિયા–बक्काल–बक़ाल.
આજીવિકા–વર્તન–रोजगार.
ખેતી–जिरायत (શ્લોક ૧૬૧)
કુશીદક–વ્યાજ–कर्ज़ (શ્લોક ૧૬૨)
ઘઉં–गहूं–गंदम–(શ્લોક ૧૬૪)
ચણા–नषुद–नखुद
તલ–कुजिद–कुंजिद–(શ્લોક ૧૬૫)
ફોફાં–ભૂંસુ–बुश–पूस्त
સૂદ–રસોયો–बाबची–बाबर्ची–(શ્લોક ૧૬૬) ભાષામાં 'બબર્ચી' શબ્દ જાણીતો છે એટલે 'बाबची' પાઠને બદલે बाबर्ची પાઠ સંભવી શકે.
ચુલો–देगदान–(શ્લોક ૧૬૭) દેગ એટલે દેગડો, જેના ઉપર દેગડો ચડાવાય તે દેગદાન.

" ये स्युस्तत्र च सामन्तास्ते साखय इति स्मृताः ।
तेषां तु नृपतिः साखानुसाखिरिति च श्रुतः " ॥ (જિનદેવકૃત કાલક કથા)

જેમકે; "वर्णौ वुक्" ૪।૨।૧૦૩। ઇત્યાદિ સૂત્રો.

પાણિનીય વ્યાકરણમાં વર્ણુ (હાલ બન્નૌ) વગેરે કેટલાક શબ્દો નદી, પર્વત, ગામ વા નગર વગેરેના વાચક તરીકે મૂળસૂત્રોમાં નિર્દેશેલ છે તે બધા લૌકિક શબ્દોને પાણિનિએ સંસ્કૃતનો ઢોળ ચડાવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાળી–देग
કુંભ–ઘડો–कुजह–कूजो–(શ્લોક ૧૬૮)
સૂંઠ–जंजवील–(શ્લોક ૧૭૦)–जंजर ચાલુ શબ્દ છે.
લવણુ–नमक–(શ્લોક ૧૭૧)
સાકર–शकर
મંડ–રસ–सोर्वे–(શ્લોક ૧૭૪)–सेरवो ચાલુ શબ્દ છે.
માખણુ–મશ્કહ-मस्कह.
તૃપ્તિ–सेरी–(શ્લોક ૧૭૬)
તનુ–શરીર–बदन–(શ્લોક ૧૯૦)

શ્લોક ૨૦૦થી પછીના શ્લોકોમાં હવે ક્ષુદ્ર–શૂદ્ર–વર્ગનો આરંભ—

માલાકાર–માળી–बागवान
વણનારો–वाफंदह–बाफंदह
સ્થપતિ–मेयमार
તુણનારો–दर्जी
રંગાજીવ–રંગારો–रंगरेज.
ચમાર–कफंदोज–कफ्शदोझ.
લુહાર–आहंगर.
સોની–जर्गर–जरगर
તાંબાનું કામ કરનાર–मिसगर.
નાપિત–हज्जाम.
બઢઈ–સુતાર–दुरोद्गर–दरोदगर.
રજક–ધોબી–गजार–गाजुर.
શૌંડક–खम्मार.
જાદુગર–बाजीगर.
ગાયન કરનાર–गोयंदह्.
વાજું વગાડનાર–साजंदह.

આમ ૨૧૧ શ્લોક સુધીમાં શૂદ્રવર્ગ પૂરો થાય છે. આ પછી ૨૪૮ શ્લોક સુધીમાં પરચુરણ શબ્દો આવેલા છે. અમરકોશમાં આ માટે 'સંકીર્ણવર્ગ' નામ છે.

મહાશય–बुजुर्क–बुजर्ग (શ્લોક ૨૧૨)
સુહૃદય–दिलावर.
નિપુણ–दाना.
મહાઉદ્યોગ કરનાર–तरद्दुद.
આયુષ્માન–उमरदज्–उमरदराज.
દુર્મનસ્–दिलगीर.
ખ્યાત–प्रसिद्ध–मशहूर.
પ્રભુ–साहिब.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમૃદ્ધ—आबादान्.
વ્યસનમગ્ન—आशिक—आशक—આસક્ત.
વ્યાકુલ—परेशान.
દળદ્રી—मोफ्लिस—मुफलिश.
સુંદર—महबूव—मह्बूब.
અધમ—बद.
મોઘ—નકામું—बेफायदह.
મુખ્ય—સ્મૃતિકાર—एमाम—ईमाम.
અથવા નિમાજના કાર્યમાં અગ્રેસર—एमाम—ईमाम.

૨૪૮મા શ્લોક પછીના નવ શ્લોકોમાં કેટલાક વિશેષ્યનિઘ્ન શબ્દો તથા અનેકાર્થી શબ્દો જણાવેલા છે.

નાનાર્થ શબ્દો—

"शाखस्तु वृक्षशाखायाम् पशोः शृङ्गे प्रकीर्तितः" (શ્લોક ૨૫૧)
૧ शाख એટલે વૃક્ષની શાખા
૨ પશુનું શિંગડું
"फेरंगः कथ्यते तज्ज्ञैः कुष्ठ—देशविशेषयोः (શ્લોક ૨૫૧)
૧ फेरंग—કુષ્ઠ
૨ फेरंग—એક દેશ—ફિરંગીનો મુલક.
"कमर कटौ च चन्द्रे च" (શ્લોક ૨૫૬)
૧ कमर—કટિ—કેડ.
૨ कमर—ચંદ્ર

આ રીતે આ આખો કોશ ૨૫૭ શ્લોકોમાં પૂરો થાય છે. આરંભથી તે અંત સુધીના આ તેના શ્લોક નંબરો સળંગ છે. વચ્ચે નંબરો લખવામાં પોથીલેખકની ભૂલ લાગે છે. એટલે શ્લોકો કુલ ૨૫૭ નહિ પણ ૨૫૫ છે. કોશ પૂરો થતાં પુષ્પિકામાં લખેલું છે કે—

"इति श्रीमहीमहेन्द्रश्रीमद्अकबरशाहकारिते विहारीकृष्णदासमिश्रकृते पारसीप्रकाशे शब्दार्थ-कोशप्रकरणम् ।"

આ પછી આ ગ્રંથકારે જ પારસીપ્રકાશ નામથી[1] પારસી—ફારસી—ભાષાનું વ્યાકરણ રચેલ છે.

---

૧ પ્રસ્તુત કોશ જેવો જ કોઈ બીજો પારસીક કોશ હોવો જોઈએ, એનું પ્રમાણ મળી આવેલ છે.
ચૌદમા સૈકામાં શ્રીજિનપ્રભસૂરિ નામે એક જૈનાચાર્ય થયેલ છે. દિલ્લીના બાદશાહ અલાઉદ્દીનની ગાદીએ આવેલા મહમૂદશાહ પાદશાહની સાથે તેમને વિશેષ પરિચય હતો. તેઓ ધર્મસ્નેહની વૃદ્ધિ માટે એ પાદશાહના દરબારમાં જતા આવતા. તેમણે ફારસી ભાષામાં જ શ્રીઋષભદેવ ભગવાનનું એક સ્તવન બનાવેલ છે. તેની પહેલી કડી આ છે :

"अल्लाल्लाहि तुरा हं कीम्वरु सहियानु तुं मरा ख्वांद ।
दुनीयक समेदानइ बुस्मारइ बुध चिरा न म्हं ॥"

આ સ્તવનની વ્યાખ્યામાં પારસીકોશનાં અવતરણ આવેલ છે, તે આ પ્રમાણે છે :

"आलेवो मसुआरदु खतमथुर्भक्तिः सुराद्गायनं
नृत्यं स्याद् रसकुर्नयश्च हयमु स्रूढिस्तदा काइदा" ઇત્યાદિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં સંસ્કૃતની પેઠે નામવિભક્તિઓ, ધાતુવિભક્તિઓ તથા ધાતુ વગેરે કલ્પીને તેમની સાધના માટે સૂત્રો અને વૃત્તિ તથા ઉદાહરણો વગેરે સવિસ્તર સમજાવેલ છે.

સૂત્રોનો નમૂનો—

पारसीकात् सेर्लुक् ।। १ ।।

एकस्य यक् ।। २ ।।

द्वेः दूः ।। ३ ।।

त्रेः से ।। ४ ।।

चतुरशब्दस्य चहार चार ।। ५ ।।

ઇત્યાદિ અનેક સૂત્રો રચેલાં છે.

વ્યાકરણના આ પ્રથમ પ્રકરણનું નામ સંખ્યાશબ્દનિર્ણય છે.

બીજા પ્રકરણનું નામ શબ્દપ્રકરણ છે. તેમાં નામનાં રૂપો સંસ્કૃતની ઢબે સાધી બતાવેલાં છે.

સૂત્રો—	ઉદાહરણ--
सेर्लुक ।। १ ।।	મર્દ
जसो हा ।। २ ।।	મર્દહા
द्वितीयायाः षष्ठ्याश्च रा ।। ३ ।।	મર્દરા
तृतीयाया वा ।। ४ ।।	વામર્દ

આમ અનેક સૂત્રો રચીને ફારસી ભાષાનાં નામનાં રૂપોને ઉદાહરણો સાથે સાધી બતાવેલ છે, આ પછી આ પ્રકરણમાં છેલ્લી હકીકત સર્વાદિ નામોને લગતી આપેલ છે. આ પછી અવ્યયોનું પ્રકરણ બતાવેલ છે.

અવ્યયોનાં સૂત્રો—

हमरा सहार्थे ।

सही सत्यार्थे ।

हमी हमीन् एवार्थे ।

चि किमर्थे ।

बाद बादज पश्चादर्थे ।

निमाज नित्यकर्मणि ।

गनीमत धर्मपूर्वकवस्तुलामे ।

આ રીતે ગ્રંથકારે કેટલાક અધિક અવ્યયોનો સંગ્રહ કરેલ છે. આ પ્રકરણ પૂરું થયા પછી કારક પ્રકરણ, સમાસ પ્રકરણ, તદ્ધિત પ્રકરણ અને છેલ્લું આખ્યાત પ્રકરણ આપેલ છે. વ્યાકરણના આ આખા ય ગ્રંથમાં ગ્રંથકાર ઉદાહરણોમાં બીજાં બીજાં ઉદાહરણો સાથે વારંવાર અકબર બાદશાહનો ઉલ્લેખ કરતો રહે છે.

આ ઉપરથી જાણી શકાય એમ છે કે બીજો પણ કોઈ પારસીક કોશ જરૂર હોવો જોઈએ. તે વ્યાખ્યામાં બીજું પણ અવતરણ છે. (જુઓ જૈન સાહિત્ય સંશોધક ખંડ ૩ અંક ૧ પૃ૦ ૨૬થી.)

આ સ્તવનની પાંચમી કડીની વ્યાખ્યામાં અરબી रहमान શબ્દને रहमाणु રૂપે લખેલ છે અને સંસ્કૃતધાતુ 'रह' ઉપરથી તેની વ્યુત્પત્તિ બતાવવામાં આવેલ છે रहति-त्यजति-रागद्वेषौ इति रह् + अ + माण + स् = रहमाणः આ રીતે અરબી શબ્દને સંસ્કૃતનો ઢોળ ચડાવવામાં આવેલ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદ્ધિત પ્રકરણમાં—

૧ शाहस्य अपत्यं शाहयादह् ।

અહીં અપત્ય અર્થ માટે 'यादह्' પ્રત્યય છે.

खानस्य अपत्यं खानयादह् ।

अशीलस्य अपत्यं अशीलयादह् ।

अशील-असील એટલે કુલીન, 'અસલ' કે 'અસીલ' શબ્દો ભાષામાં પ્રચલિત છે. આ પ્રકરણમાં અપત્ય અર્થનો પ્રત્યય પહેલાં બતાવેલ છે. પછી जात અર્થવાળો પ્રત્યય—

૨ काबुले जातः काबुली ।

अरबे जातः आरबी ।

चीने जातः चीनी ।

પ્રયુક્ત અર્થ સૂચક પ્રત્યય—

૩ महम्मदेन प्रयुक्ते महम्मदी ।

ભાવપણું બોધક પ્રત્યય—

मुसुलमानस्य भावः मुसुल्मानी

काफिरी ।

અસ્તિ અર્થદ્યોતક 'स्तान्' પ્રત્યય—

૪ गुलं विद्यते अस्य गुलिस्तान् ।

हिन्दुस्तान ।

बागिस्तान् । क्वचिद् इकारागमः ।

इदमर्थ સૂચક 'अण्' પ્રત્યય—

૫ अकबरस्य अयम् अकबरी ।

'तत् करोति' અર્થનો अण् પ્રત્યય—

अणि पूर्वस्वरस्य आकारः मध्यमस्वरस्य इकारो वक्तव्यः—'અણ્' લાગતાં પૂર્વના સ્વરનો આકાર થાય છે અને મધ્યમ સ્વરને ઇકાર થાય છે.

अदलं करोति इति आदिलः ।

जुलमं करोति जालिमः ।

हुकमं करोति हाकिमः । ઇત્યાદિ.

आदिल વગેરે પ્રયોગોમાં तत् करोति અર્થનો अण् પ્રત્યય છે.

આ રીતે તદ્ધિત પ્રકરણમાં અનેક પ્રત્યયોનું વિધાન કરેલ છે. આ પ્રકરણમાં અંતે गुनाहं कृतवान् गुनाहगार–गार प्रत्यय । 'समूह' અર્થનો दात् પ્રત્યય–यमादात् વગેરે. तत् साधयति અર્થનો 'गर्' પ્રત્યય–यर्गर्, सितमगर વગેરે

तत् विक्रीणाति અર્થનો 'फरोश' પ્રત્યય—

सबुजी विक्रीणाति इति सबुजीफरोश વગેરે.

तत् धारयति અર્થનો 'दान्' પ્રત્યય—

निमकं धारयति निमकदान्, अयनकदान् વગેરે.

तराश् પ્રત્યય–संगतराश्, बुततराश् વગેરે.

અલ્પ અર્થનો चह् પ્રત્યય–सिंदूक + चह् = सिंदूकचह्, देगचह् વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निंद्रा અર્થનો 'क' પ્રત્યય– यनक्, रिंदक्.
પ્રકર્ષ અર્થનો 'तर' પ્રત્યય—
अतिशयेन देर् देरतर् खूबतर्, બદતર્ વગેરે.

આ પછી આખ્યાત પ્રકરણમાં ક્રિયાપદોનાં રૂપો સંસ્કૃતની વિભક્તિ દ્વારા આદેશો કરી કરીને સાધી બતાવેલ છે અને સાથે સંસ્કૃત ધાતુઓના આદેશો પણ બતાવેલા છે.

જેમકે केटलाक आदेशो—

भू 'ધાતુનો शवद्' આદેશ.

ति પ્રત્યયનો 'मे' આદેશ. मेशवद्–भवति इत्यर्थः આમ દરેક કાળનાં રૂપો સાધી બતાવેલાં છે.

अस् ધાતુનો हस्त–हस्ती–अस्ति इत्यर्थः ।
अस् ધાતુનો ભૂતકાળમાં बूद–बूद–आसीत् इत्यर्थः ।
१ पच् ધાતુનો पेजद्–पुजद्.
२ दृश् ધાતુનો बीनद्–बीनद्.
૩ कृष् ધાતુનો कशद्.
४ क्वथ् ધાતુનો जोशद्.
૫ घट् ધાતુનો साजद्.
६ दा ધાતુનો दिहद्.
૭ कृ ધાતુનો कुनद्.

આ રીતે સંસ્કૃતના દશે ગણના અનેક ધાતુઓના જુદા જુદા આદેશો બતાવેલા છે અને આમ કરીને આ ફારસી ભાષા સંસ્કૃત ભાષા દ્વારા જન્મી હોય એવો આભાસ કરાવવાના હેતુથી ગ્રંથકાર આ વ્યાકરણ બનાવવા પ્રેરાયા જણાય છે. જો કે ફારસી ભાષા સંસ્કૃત પ્રાકૃત ભાષાઓ સાથે સંબંધ જરૂર રાખે છે. પણ તે એમાંથી જન્મી હોય તે બનવા જોગ નથી. આ રીતે આ લેખમાં ફારસી ભાષાના કોશનો અને વ્યાકરણનો ટૂંકો પરિચય આપેલ છે. કોશ કરતાં વ્યાકરણનો પરિચય વધારે વીગતથી આપવો જોઈએ એમ લાગે છે. પણ એમ કરવા જતાં લખ્યું છે તે કરતાં બમણું અઢી ગણું લખવું જોઈએ અને એવું લંબાણ અરુચિકર થવા સંભવ છે; માટે તેમ કર્યું નથી. વળી, કોઈ બીજે પ્રસંગે એ વિશે વીગતથી લખી શકવાનો અવકાશ છે જ.

હાથપ્રતનો પરિચય—

હાથપ્રતનાં કુલ પાનાં ૨૮ છે. વ્યાકરણ ભાગના છેલ્લા પાનામાં સમાપ્તિસૂચક કોઈ ઉલ્લેખ કે પુષ્પિકા નથી એથી એમ જણાય છે કે પ્રત અધૂરી છે.

પાનાં ચાલુ પાનાં કરતાં વધારે પહોળાં છે, એક એક પાનામાં ૧૪–૧૪ લીટીઓ છે. હાથપ્રત સુવાચ્ય છે પણ અશુદ્ધ છે. અને વચ્ચે વચ્ચે કોરી જગ્યા પણ છે એટલે એમ જણાય છે કે વચ્ચે વચ્ચે કાંઈ છૂટી ગયું હોય. અક્ષરો થોડા મોટા છે. ગ્રંથકારના સમય વિશે ખાસ લખવાની જરૂર નથી. પોતે અકબર બાદશાહની પ્રેરણાથી આ પ્રવૃત્તિ કરેલ છે એમ સ્પષ્ટ જણાવે છે એટલે ગ્રંથકાર અકબરની સભાનો પંડિત હોય એ બનવા જોગ છે. કટ્ટર હિંદુઓનો એવો આગ્રહ હતો કે न पठेत् यावनीं माषां प्राणैः कण्ठगतैरपि । અર્થાત્ "જીવ જાય તો ભલે જાય પણ યાવની ભાષાને ભણવી જ નહિ" એ આગ્રહને નેવે તો મૂક્યો પણ બ્રાહ્મણ પંડિતોએ अल्लोपनिषद् જેવા ઉપનિષદો પણ રચેલ છે તથા પ્રસ્તુત ફારસી ભાષાનું વ્યાકરણ લખવા પણ પ્રયાસ કરેલ છે, અને શ્રીવિષ્ણુની સાથે સરખામણી બતાવીને અકબરની ખૂબ સ્તુતિ અને પ્રશંસા સુદ્ધાં કરેલ છે તેનું કારણ ગોતવા જવું પડે તેમ નથી. હાથપ્રતને ઉપયોગમાં લેવા દેવા માટે ला० द० भारतीय संस्कृति विद्यामंदिरના નિયામકનો આભારી છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org